નર્મદા પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ બાબત

* ૧૫/૦૪/૨૩: શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | નર્મદા પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) |

(૧) નર્મદા પ્રભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર નીચે મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

(રકમ રૂ/. કરોડમાં)

| અ.નં. | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૪૯૧૫.૬૮ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૩૫૨૦.૦૦ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં નીચે મુજબની રકમ ફાળવવામાં આવી(રૂ/. કરોડમાં)

| અ.નં. | નાણાંકીય વર્ષ | બજેટ જોગવાઈ સામે ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૩૮૨૧.૨૬ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૩૯૨.૧૦ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી **?**

(૩) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં ફળવાયેલ રકમ પૈકી વણવપરાયેલ અને વણવપરાયેલ રકમની વિગત નીચે મુજબ છે.

(રકમ રૂ/. કરોડમાં)

| અ.નં. | નાણાંકીય વર્ષ | ફાળવણી પૈકી વપરાયેલ રકમ / ખર્ચ કરેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૩૭૪૮.૫૧ | ૭૨.૭૫ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૩૬૯.૫૦ | ૨૨.૬૦ |

- વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

- આ યોજના સૂક્ષ્મ સિંચાઇ માટે ખેડૂતો તરફથી આવતી માંગ આધારીત છે તેથી જે તે નાણાકીય વર્ષમાં ખેડૂતો તરફથી સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ, સૂક્ષ્મ સિંચાઇ અપનાવવા માટેની માંગ ઓછી આવતા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૭૨.૭૫ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૨૨.૬૦ કરોડ વણવપરાયેલા રહેલ.

---